# 2020 ની સામાન્ય ચૂંટણી અને લોકમત સંગ્રહમાં મત આપવા માટેની તમારી માર્ગદર્શિકા.



ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

E231 08/20 Gujarati

## 2020 માં શું અપેક્ષા રાખવી અને કેવી રીતે મત આપવો તે સમજો.

### ખાતરી કરો કે તમે નોંધાયેલા છો અને તમારી વિગતો અદ્યતન છે.

મત આપવા માટે, તમે નોંધાયેલા હોવાની જરૂર છે.જો તમારી ઉંમર 18 કે વધારે વર્ષની હોય, ન્યૂઝીલેન્ડના નાગરિક કે કાયમી રહેવાસી હો અને તમારા જીવનમાં કોઇક સમયે સતત 12 મહિના કે વધારે સમય સુધી ન્યૂઝીલેન્ડમાં રહ્યાં હો, તો તમારે નોંધણી કરાવવી જરૂરી છે.

### મતદાન ઝડપી અને સરળ બનાવવા માટે વહેલા નોંધણી કરાવો

જો તમે રવિવાર 13 સપ્ટેમ્બર સુધીમાં નોંધણી કરાવી લો છો, તો તમને ચૂંટણીના દિવસથી 2 અઠવાડિયા પહેલાં મેલમાં એક EasyVote પેક મળશે.

તમારું EasyVote પેક તમને કહેશે કે તમે ક્યારે અને કોને મત આપી શકો છો. તમારા પેકમાં તમારા વ્યક્તિગત EasyVote કાર્ડનો પણ સમાવેશ થશે, જે મતદાનને વધુ ઝડપી અને સરળ બનાવે છે.

તમે ચૂંટણીના દિવસ સહિત, 13 સપ્ટેમ્બર પછી નોંધણી કરાવી શકો છો, પરંતુ તમને તમારું EasyVote કાર્ડ મળશે નહીં. તમારે ખાસ મત આપવાની પણ જરૂર પડશે જે વધુ સમય લે છે.

### ઓનલાઇન નોંધણી કરાવો, તમારી વિગતો તપાસો અથવા અદ્યતન કરો.

તમારા ન્યુઝીલેન્ડ ડ્રાઈવર લાઇસન્સ, ન્યુઝીલેન્ડ પાસપોર્ટ અથવા RealMe ચકાસેલી ઓળખનો ઉપયોગ કરીને તમારી વિગતોની નોંધણી, તપાસ અથવા અપડેટ ઓનલાઈન કરવું સરળ છે. અહીં જાવ **vote.nz**

**તમે 3 ઓક્ટોબરથી કોઈપણ મતદાન સ્થળે નોંધણી કરી શકો છો અથવા આમાંની એક રીતે નોંધણી ફોર્મ માટે પૂછી શકો છો:**

- **0800 36 76 56 નંબર પર કૉલ કરો**
- **તમારું નામ અને સરનામું 3676 પર મફત ટેક્સ્ટ કરો**

### વહેલા મત આપો

2020 ની સામાન્ય ચૂંટણી અને લોકમત સંગ્રહ હવે શનિવાર 17 ઓક્ટોબરના રોજ યોજવામાં આવશે. વહેલા મત આપો જેથી લાઇનમાં ઊભા રહેવામાં તમારો ઓછો સમય જાય - તમારે મતદાન કરવા માટે ચૂંટણીના દિવસ સુધી રાહ જોવાની જરૂર નથી.

**મતદાન શરૂ થાય છે:** શનિવાર 3 ઓક્ટોબર સવારે 9 કલાકે શરૂ થશે

**મતદાન બંધ થાય છે:** ચૂંટણીના દિવસે સાંજે 7 વાગ્યે, શનિવાર 17 ઓક્ટોબર

### સ્થાનિક સ્તરે મત આપો જો તમે આપી શકો

ઘરની નજીક મતદાન કરવું તે વધુ ઝડપી અને સરળ છે. તમે Aotearoa માં કોઈપણ મતદાન મથકે મત આપી શકો છો, પણ જો તમે તમારા મતદાર ક્ષેત્ર સિવાયના કોઈ સ્થાનથી મત આપો છો, તો તમને એક વધારાનું ફોર્મ ભરવાની જરૂર પડી શકે.

### મતદાન મથક ક્યારે ખુલ્લી હોય અને તેમને ક્યાં શોધવી

તમે શનિવાર 3 ઓક્ટોબરથી ચૂંટણીના દિવસ, શનિવાર 17 ઓક્ટોબર સુધી કોઈપણ મતદાન સ્થળે સામાન્ય ચૂંટણી અને લોકમત સંગ્રહમાં નોંધણી અને મત આપી શકો છો.

17 ઓક્ટોબર, શનિવારે ચૂંટણીના દિવસે બધા મતદાન મથકો સવારે 9 વાગ્યેથી સાંજે 7 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

સ્થાનો અને મતદાન સ્થળો માટે ખુલવાનો સમય વિશે માહિતી અહીં **vote.nz** પર અથવા અહીં કોલ કરી **0800 36 76 56** ઉપલબ્ધ થશે.

### તમે બે લોકમતમાં પણ મત આપી શકો છો

આ વર્ષની સામાન્ય ચૂંટણીમાં, તમે બે લોકમતમાં પણ મત આપી શકો છો. લોકમત, પ્રશ્ન ઉપર તમારો અભિપ્રાય (મત) આપવો પડશે.

End of Life Choice Act 2019 અમલમાં આવવો જોઈએ કે નહીં તે અંગે તમે મત આપી શકો છો, જીવલેણ બિમારીવાળા લોકોને સહાયક મૃત્યુની વિનંતી કરવાનો વિકલ્પ આપીને. તમે કેનેબિસ (ગાંજા)નો મનોરંજક ઉપયોગ કાયદેસર થવો જોઈએ કે નહીં તે અંગે પણ મત આપી શકો છો.

લોકમત વિશે વધુ અહીં જાણો **referendums.govt.nz**

### ક્યાં નોંધણી કરાવવી અને મત આપવા વિશે વધુ માહિતી મેળવવા માટે:

- અહીં મુલાકાત લો **vote.nz**
- અહીં કૉલ કરો **0800 36 76 56**
- અહીં મુલાકાત લો **facebook.com/VoteNZ**

જો તમે આ માહિતી જેને મદદરૂપ થઈ શકે તેવા કોઈકને જાણતા હોય, તો કૃપયા તેમને તે વિશે જણાવો.

નોંધણી કરાવવા અને મત આપવા વિશે પણ વધુ માહિતી સાઈટ **vote.nz** પર અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે.

# કેવી રીતે મત આપવો

## 1 એક પેન અને તમારું EasyVote કાર્ડ સાથે લઈ જવું

તમારા મતદાનના કાગળોને ચિહ્નિત કરવા માટે તમે તમારી પોતાની પેન લાવી શકો છો. જો તમે ભૂલી જાઓ, તો ચિંતા કરશો નહીં, ત્યાં પેન ઉપલબ્ધ રહેશે.

તમારું EasyVote કાર્ડ તમારી સાથે લઈ જાવ કેમ કે તેનાથી વધુ ઝડપથી મતદાન થશે. જો તમે તમારું કાર્ડ ભૂલી ગયા હો અથવા ન હોય તો પણ તમે મત આપી શકો છો.




## 2 આપવામાં આવેલ હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો

તમે તમારા મતદાનના કાગળો મેળવતા પહેલાં, આપવામાં આવેલ હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો.



## 3 સૂચનોને અનુસરો

તમારે શું કરવું અને ક્યાં જવું તે બતાવવા માટે તમારા મતદાન મથક પર ચૂંટણી કાર્યકર્તા ઉપલબ્ધ હશે. મતદારોને વધુ જગ્યા આપવા માટે તેઓ કતારોનું પણ સંચાલન કરશે.




## 4 સામાન્ય ચૂંટણીમાં મત આપવો

સામાન્ય ચૂંટણીમાં, તમને બે મત મળે છે - પાર્ટીનો મત અને મતદાર મત.

### તમારા પક્ષનો મત

પક્ષ માટેનો મત મુખ્યત્વે દરેક રાજનીતિક પક્ષોને સંસદમાં મળતી બેઠકોની કુલ સંખ્યા નક્કી કરે છે. પક્ષ માટેના મતનો મોટો હિસ્સો ધરાવતા પક્ષોને સંસદમાં વધુ બેઠકો મળશે.

તમારું નામ સામાન્ય લોકોની યાદી પર હો કે Māori લોકોની યાદી પર હો તમારે સમાન રાજનીતિક પક્ષોમાંથી પસંદ કરવાનું રહેશે.

તમારા મતદાનના કાગળ પર, તમારી પસંદગીના રાજકીય પક્ષના નામ ની બાજુમાં એક નિશાની કરો.




### તમારા મતદાન ક્ષેત્રનો મત

તમારો મતદાન ક્ષેત્રનો મત તમે રહેતા હો તે વિસ્તારમાં સંસદ સભ્ય (MP) બનાવવા ઇચ્છતા ઉમેદવારને પસંદ કરવા માટે છે. તમારા મતદાન ક્ષેત્રમાં સૌથી વધુ મતો મેળવનાર ઉમેદવાર તમારા મતદાર સાંસદ બને છે.

તમે Māori યાદી પર હો, તો તમે Māori મતદાન ક્ષેત્રના ઉમેદવારને મત આપશો. તમે સામાન્ય યાદી પર હો, તો તમે સામાન્ય મતદાન ક્ષેત્રના ઉમેદવારને મત આપશો.

તમારા મતદાનના કાગળ પર, તે ઉમેદવારના નામ ની બાજુમાં એક નિશાની કરો કે જેને તમે તમારા સ્થાનિક ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરવા માંગતા હો.






પક્ષના મતોનું આ પ્રમાણ = સંસદમાં બેઠકોનું સમાન પ્રમાણ

## 5 લોકમતમાં મત આપો

લોકમત માટેના તમારા મતદાનના કાગળ પર, લોકમતના પ્રશ્નોના જવાબ આપીને મત આપો. 'Yes' (હા) અથવા 'No' (ના) ની બાજુમાં એક નિશાની કરો.

લોકમતમાં મતદાન વૈકલ્પિક છે. જો તમે ઇચ્છો તો તમે ફક્ત એક જ લોકમતમાં મત આપવાનું પણ પસંદ કરી શકો છો.




## 6 આપેલ મતપત્ર પેટીમાં તમારા મતદાનના કાગળો મૂકો

## 7 તમે જતા પહેલાં હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો

બહાર નીકળતી વખતે, આપવામાં આવેલ હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો. અને બસ - મતદાન પૂર્ણ થયું!



## શું મતદાન મથકે જઈ શકતા નથી?

જો મતદાન સ્થળ પર પહોંચવું મુશ્કેલ હોય અથવા શક્ય નથી, તો તમે હજી પણ મત આપી શકો છો તેની ખાતરી કરવા ઘણાં વિકલ્પો ઉપલબ્ધ છે.

જો તમે રેસ્ટ હોમમાં હો અને તમે મતદાન સ્થળે જઈ શકશો નહીં, તો તમારા સ્થાનિક રીટર્નિંગ ઓફિસર મતદાન સેવાઓ ગોઠવવા માટે તમારા રેસ્ટ હોમના મેનેજરનો સંપર્ક કરશે.

જો તમે 3 ઓક્ટોબરથી હોસ્પિટલમાં હોવાને લીધે તમે મતદાન સ્થળે ન પહોંચી શકો, તો મિત્ર કે કુટુંબીજન તમને તમારા મતદાનના કાગળો લાવી આપશે.

તમે મતદાન મથકે જઈ ન શકો તેમ હોય તો તમે મત આપવા માટે મદદ મેળવી શકો છો. વધુ માહિતી અહીં મેળવો **vote.nz** પર અથવા તમારા વિકલ્પો વિશે વાત કરવા અહીં કોલ કરો **0800 36 76 56**.

## વિદેશથી મત આપવો

તમે બુધવાર 30 સપ્ટેમ્બરથી શનિવાર 17 ઓક્ટોબર નાં રોજ સાંજે 7 વાગ્યા સુધી (ન્યુઝી સમય) વિદેશથી નોંધણી કરાવીને મત આપી શકો છો.

વિદેશથી મત આપવાની સૌથી સહેલી અને ઝડપી રીત સામાન્ય ચૂંટણી અને લોકમત માટે તમારા મતદાનના કાગળોને અહીંથી ડાઉનલોડ અને પ્રિન્ટ કરવાની છે, **vote.nz**

તમે વિદેશી મતદાન સ્થળે પણ મતદાન કરી શકશો, અથવા પોસ્ટલ મતદાનના કાગળો તમને વિદેશમાં મોકલવા માટે કહી શકો. આ વિકલ્પો તમારા વિસ્તારની કોવિડ-19 પરિસ્થિતિ પર આધારિત હોઈ શકે છે. વિદેશથી મતદાન કરવા અંગેની નવીનતમ માહિતી અહીં તપાસો **vote.nz**

જો તમને વિદેશથી મત આપવા માટે સહાયની જરૂર હોય, તો કૃપા કરી અમારો સંપર્ક કરો.

**વિદેશથી ફોન:** +64 9 909 4182 (આંતરરાષ્ટ્રીય કોલ દર લાગુ થઈ શકે)

**ન્યુઝીલેન્ડથી ફોન:** 0800 36 76 56

## શું તમારા મતદાનના કાગળો વાંચવા અથવા ચિહ્નિત કરવા સહાયની જરૂર છે?

કોઈ મિત્ર, કુટુંબના સભ્ય અથવા ચૂંટણી અધિકારી તમારા મતદાનના કાગળોને વાંચવા અથવા તેને ચિહ્નિત કરવામાં મદદ કરી શકે છે. તે વ્યક્તિ આ કરી શકે છે:

- તમારી સાથે મતદાન સ્ક્રીન પાછળ જવું
- મતદાનના કાગળો પરના શબ્દો અને માહિતી વાંચી સંભળાવવી
- જો તમે તેઓને કહો તો તમારા માટે મતદાનના કાગળોને ચિહ્નિત કરવા.

સામાન્ય ચૂંટણીમાં તમારે કોને મત આપવો જોઈએ અથવા લોકમતમાં તમારે કેવો મત આપવો જોઈએ તે તેઓ તમને કહી શકતા નથી.

જો તમે પ્રજ્ઞાચક્ષુ હો, આંશિક પ્રજ્ઞાચક્ષુ હો, અથવા કોઈ શારીરિક અશક્તતા હોય, જેનો અર્થ તમે સહાય વિના તમારા મતદાનના કાગળોને ચિહ્નિત ન કરી શકતા હોવાનો થાય, તો તમે ફોન ડિક્ટેશન સેવાનો ઉપયોગ કરીને મત આપી શકો છો.

આ સેવાનો ઉપયોગ કરવા તમારે નોંધણી કરાવવાની જરૂર છે. અહીં કોલ કરો **0800 028 028** અને નોંધણી કરવા માટે વિકલ્પ 1 પસંદ કરો.

તમે સોમવારથી 14 સપ્ટેમ્બરથી ગુરુવાર 15 ઓક્ટોબર ના રોજ સાંજે 7:00 વાગ્યા સુધી નોંધણી કરાવી શકો છો.

આ સેવા વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો **vote.nz**